SEAT No.________ No of Printed Pages -3

[21]

# SARDAR PATEL UNIVERSITY

BA (III Semester) Examination
Friday, 29TH November 2019
10.00 am to 1.00 pm
UA03IALG03 :Analytical Literature (Gujarati)
વિવેચનાત્મક ગુજરાતી સાહિત્યભાગ–૧
(NC)

કુલ ગુણ : ૭૦

નોંધ : જમણી બાજુના અંક ગુણ દર્શાવે છે.

પ્ર.૧ નીચેનામાંથી કોઈપણ બે નો અર્થવિસ્તાર કરો. (૧૮)

(૧) બધું છૂપે, છૂપે નહિ નયન ક્યારે પ્રણયનાં

(૨) મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અરધું જગત શાંત થઈ જાય.

(૩) જનનીની જોડ, સખી ! નહિ જડે રે લોલ.

(૪) સાહિત્ય એ જીવનનું પ્રતીક છે.

પ્ર.૨ નીચેના ગદ્યખંડનું સારાંશ લેખન કરો. (૧૭)

આપણને જે જરૂર છે તે બળની છે. તમે તમારી જાતમાં આત્મશ્રદ્ધા પ્રગટાવો. આપણે આત્મશ્રદ્ધા ખોઈ બેઠા છીએ અને તેથી જ ગુપ્તવિદ્યા, રહસ્યવિદ્યા અને એવી છાની છાની બાબતો આપણામાં ઘૂસતી આવે છે. તેમાં કદાચ સત્ય હશે, પણ એ બધી વિદ્યાઓએ આપણને લગભગ નિર્માલ્ય બનાવી દીધા છે. તમારાં જ્ઞાનતંતુઓ મજબૂત બનાવો. આજે આપણને જરૂર છે લોખંડી સ્નાયુઓની અને પોલાદી જ્ઞાનતંતુઓની. ઘણા કાળ સુધી આપણે રોતલ રહયા છીએ. હવે રોવાનું છોડી દઈને તમારા પોતાના પગ પર ખડા થાઓ અને મર્દ બનો. મર્દ બનાવનારા સિદ્ધાંતોની આપણને જરૂર છે,અને સાચનું પારખું આ છે: જે કાંઈ તમને શારીરિક રીતે, બૌદ્ધિક રીતે અને આધ્યાત્મિક રીતે દુર્બળ બનાવે તેને ઝેર ગણીને છોડી દો. એવી વસ્તુઓમાં જરાય પ્રાણ નથી; એ સાચું હોઈ શકે નહિ. સત્ય એટલે શકિત, સત્ય એટલે પવિત્રતા સત્ય એટલે સર્વજ્ઞતા. સત્ય તો માણસને બળદાયક નીવડવું જોઈએ, પ્રકાશ આપનાર હોવું જોઈએ, જોમદાયક હોવું જોઈએ.

અથવા

પ્ર. ૨ નીચેના ગદ્યખંડનું સારાંશ લેખન કરો. (૧૭)

આપણે ધારીએ છીએ એટલો સમાજ મૂર્ખ નથી હોતો. કેટલાક વિદ્યાર્થીઓ પણ સારાસારનો વિવેક કરી શકતા હોય છે. વંધ્ય અને નિરર્થક પ્રવૃત્તિને ઝાઝો સમય છાબડે ઢાંકી રખાતી નથી. આના પડઘા પડતાજ હોય છે ને સમય આવતો જ હોય છે. આપણી બેજવાબદારીઓ સામે ઉહાપોહ નહી જ થાય એમ માનવાને કારણ નથી. સમાજ પરિણામો જોતો હોય છે ને સત્તાવાહકોને એની અવગણના કરવાનું હંમેશાં પાલવતું નથી. બેંક કર્મચારીઓના છેલ્લાં બે–ત્રણ વર્ષના અનુભવને આપણે ભૂલી ના જઈએ એ આપણાય હિતમાં છે.આપણી નિષ્ક્રિયતાથી કોઈનેય અન્યાય ન થાય એટલું જોઈએ, ને એટલી તો જાગૃતિ દાખવીએ એવો સમયનો પોકાર છે. દેશના નાગરિક તરીકેનાં કર્તવ્યોની વાતમાં આદર્શની ગંધ આવતી હોય તો એ વાત જવા દઈએ, પણ જે ક્ષેત્રમાં આપણા કામ માટે આપણને નીમ્યા હોય એ કાર્યને ભૂલી ના જઈએ તોય બસ. શિક્ષણ સાથે સંકળાયેલા તમામ એકમોને આ વાત લાગુ પડે છે. શિક્ષકનું કામ અને સાચી કેળવણીની અનિવાર્યતાને વ્યાપક સંદર્ભમાં જોઈને જયાં જયાં અનાચાર હોય ત્યાં ત્યાં આપણે જાગૃત રહીને પ્રહરી બનવાનું સ્વીકારવું પડશે.

પ્ર. ૩ નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો. (૧૮)

આપણે ભરોસે આપણે હાલીએ,
હો ભેરુ મારા, આપણે ભરોસે આપણે હાલીએ.
એક મહેનતના હાથને ઝાલીએ,
હો ભેરુ મારા, આપણે ભરોસે આપણે હાલીએ.
ખુદનો ભરોસો જેને હોય નહીં રે તેનો
ખુદાનો ભરોસો નકામ;
છો ને એ એકતારે ગાઈ ગાઈને કહે,
'તારેભરોસે, રામ !'
એ તો ખોટું રે ખોટું પીછાણીએ,હો ભેરુ.
બળને બાહુમાં ભરી, હૈયામાં હામ ધરી,
સાગરમોઝારે ઝુકાવીએ;
આપણા વહાણનાં સઢ ને સુકાનને
આપણેજ હાથે સંભાળીએ,હો ભેરુ.
કોણ રે ડુબાડે વળી કોણરે ઉગારે,
કોણ લઈજાય સામે પાર :
એનો કરવૈયો કો આપણી બહાર નહીં.
આપણે જ આપણે છઈએ; હો ભેરુ

અથવા

પ્ર. ૩ નીચેના કાવ્યનો રસાસ્વાદ કરાવો. (૧૮)

મૂઠી જેવડું મંદિર મારું
ને મૂર્તિ તારી વિરાટ !
વામન બનીને આવવું હોયતો
આવજે હૈયાને ઘાટ,
હું જો પાવલિયે તારે ચંપાવા
આવડો થાઉં અધીર,
તો તને તારું માન જરીક જ
મેલતાં શેની પીડ ?
પહેલે પગલિયે ચાંપજે મારા
હૈયાના હીણા રાગ
બીજે દબાવજે દ્વેષ દાવાનળ
ત્રીજે તૃષ્ણાના ડાઘ
અરધો ઉપાડીને પગ તું થંભીશ
કે રખે વાગે શૂળ
વાસનાની મારી; ત્યાં તો તેને જોઈ
ઊખડશે એ સમૂળ
બલિ મારે થવું આજ બરોબર
આવ તું આણી વાટ;
મૂઠી જેવડે મંદિર મારે
મૂર્તિ હો તારી વિરાટ

પ્ર. ૪ નીચેના ગદ્યખંડનું વિવરણકરો. (૧૭)

માનવસ્વભાવ સામાન્ય રીતે સ્વપ્નશીલ છે. એ જેમ હકીકત છે તેમ પોતાની આજ કરતાં આવતી કાલને સુંદર બનાવવાની વૃતિ પણ માનવસ્વભાવમાં રહી છે એ પણ હકીકત છે. પશુ અને મનુષ્ય વચ્ચે જે કેટલાક ભેદ છે એમાંનો એક એ પણ છે કે પશુપક્ષી પોતાને જે મળ્યું હોય છે તેવું જ જગત પોતાનાં સંતાનો માટે મૂકતાં જતાં હોય છે. મનુષ્ય એમ કરતો નથી. એની ઝંખના અને પુરુષાર્થ પોતાના જગતને ઉતરોત્તર વધારે ને વધારે સુખમય બનાવવા માટે હોય છે. મેં અન્યત્ર કહ્યું છે તે પ્રમાણે મનુષ્યની ગૃહ, રાજય, સમાજ,ધર્મ વગેરે બધી જ વ્યવસ્થાઓનું નિર્માણ મનુષ્યની આ વૃત્તિમાંથી થયું છે. મનુષ્ય વ્યવસ્થાતંત્ર ઊભું કરે છે. જતે દહાડે એને લૂણો લાગવા માંડે છે. કેટલીકવાર મનુષ્ય એની મરામત કરીને ચલાવી લેતો હોય છે, કેટલીકવાર પાયાથી જ ફરી ઉપાડતો હોય છે.

અથવા

પ.૪ નીચેના ગદ્યખંડનું વિવરણ કરો. (૧૭)

આપણી રસવૃતિ કેળવાતી જાય છે તેમ કલા અને અશ્લીલતાના પ્રશ્ન પરત્વે ઓછા ઉગ્ર અને વધુ સહિષ્ણુ બનતા જઈએ છીએ.કલા અશ્લીલ હોઈ શકે ? અથવા એમ કહી શકાય કે કલા અને અશ્લીલ એ પરસ્પર વિરોધી સંજ્ઞા છે ? કલા હોય ત્યાં અશ્લીલતા ન હોય અને અશ્લીલતા હોય ત્યાં કલા ન હોય એમ કહી શકીશું ? અશ્લીલતાના સંકેતમાં જાતીય સંબંધની અંગત કહી શકાય એવી વિગતો ઉતેજક રીતે આલેખવામાં આવી હોય, વાચક કે પ્રેક્ષકની જાતીયવૃતિને એમાં પ્રતીકો, પદાર્થો અથવા અત્યંત અંગત સ્વરૂપનાં કહી શકાય એવાં દશ્યોને ગ્રામ્ય કે સાવ ઊઘાડી રીતે યોજવામાં આવ્યાં હોય ત્યારે એને અશ્લીલ કહી શકાય.

—X—